PGVCL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/ક્વા–૦૪/૧૬–૧૭/ ૮૬૪ તા. 30/01/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
દશરથભાઈ વાલજીભાઈ કોળી,
ગામ: વેગડવાવ,
તા. હળવદ
જી: મોરબી

**વિષય :–વીજબીલ બાબત**

સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૪/ક્વા–૦૪/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૩.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, હળવદ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,હળવદ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 06 (A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


| કેસ નં. : સીજીઆરએફ : ૦૪/કવા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૨૫–૦૧–૧૭ | સ્થળ :–મોરબી |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: **દશરથભાઈ વાલજીભાઈ કોળી**,ગામ: વેગડવાવ

રજુઆત કરનાર : અરજદાર શ્રી દશરથભાઈ વાલજીભાઈ કોળી હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,હળવદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, હળવદ)**

**રજુઆત કરનાર :ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,હળવદ ના નાયબ ઈજનેર વી.સી.જેઠલોજા**

## : હુકમ :

## ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૭૩૬૩૪/૧૦૦૩૪/૬ માહેના મકાનનો જોડાયેલ વીજભાર ઘણોજ ઓછો છે. તેમજ, છેલ્લા ઘણા વર્ષો થી ૧૦૦ થી ૧૨૫ યુનીટ સુઘી નુ બીલીગ, જે વધુમા વધુ રકમ રૂ.૮૦૦/– નુ થાય છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને માહે ઓગષ્ટ–૧૬ મા રૂ.૨૦,૦૦૦/– ની રકમ નુ જે વીજબીલ અપાયેલ છે, તે વીજબીલ, તેમના જોડાણ ના મકાન ની ક્ષમતા, જોડાયેલ વીજભાર અને, જોડાણ મા સ્થાપિત થયેલ સરેરાશ વીજવપરાશ થી અત્યંત વઘુ છે. જેથી, તેઓ શ્રી એ, તેમની ગ્રામ પંચાયત ના લેટરપેડ મા, સબંઘક પેટા વિભાગીય કચેરી ને, તા.૦૮–૧૧–૧૬ ના રોજ લેખીત અરજી આપેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી આજદિન સુઘી વ્યાજબી ઘોરણસર કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, અને મૌખીક ચર્ચાઓ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૭૩૬૩૪/૧૦૦૩૪/૬ નુ, સવાલવાળુ જુનુ આરસી કંપની ના મીટર નંબર: પીજીએસટી – ૦૧૧૧૨૩૪૩, જે તા.૧૦–૦૧–૧૭ ના રોજ પર્ફોમા –૧૫ નંબર: ૬૭૪૩૨ થી, સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે જોડાણ મા ૦.૮૨૯ વોટ નો વીજભાર જોડાયેલ હતો. સદર મીટર ની સ્થળ પર, એકયુચેક મીટર થી ચકાસણી કરવામા આવેલ હતી. જે દરમ્યાન મીટર યોગ્ય ફરતુ હોવાની બાબત પીજીવીસીએલ ને જણાયેલ હતી. આ સમયે મીટર મા છેલ્લા રીડીગ ૫૩૧૯ જણાયેલ હતા. તેમજ, આ દિવસે એટલેકે તા.૧૦–૦૧–૧૭ ના રોજ નવુ એચ.પી.એલ. કંપની નુ મીટર નંબર: પીજીએસટી ૦૨૯૯૦૨૩૧, જે શરૂઆતના ૦૦૦૦૧ રીડીગ થી લગાડવામા આવેલ હતુ. તદ ઉપરાંત,સદર મીટર ને તા.૧૦–૦૧–૧૭ ના રોજ, અરજદાર શ્રી ના પ્રતિનીઘી ની હાજરી મા, લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન એકયુરેસી ટેસ્ટ મુજબ સદર મીટર યોગ્ય ફરતુ હોય, તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. અને તેમા છેલ્લા રીડીગ ૫૩૧૯ નોંઘાયેલ હતા. |
| ૨.૨ | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના સ્થાપન પર નુ જુનુ સવાલવાળુ આરસી કંપની ના મીટર નંબર: પીજીએસટી – ૦૧૧૧૨૩૪૩, જે લેબોરેટરી ચકાસણી દરમ્યાન તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હોય, જેથી, અરજદાર શ્રી ને અપાયેલ માહે જુન–જુલાઈ– ૧૬ નુ, તા.૨૨–૦૭–૧૬ ના રોજ નુ, રૂ.૨૨,૧૭૨/૮૮– નુ વીજબીલ, જે સવાલવાળા જુના મીટર મા નોંઘાયેલ, વાસ્તવિક વીજવપરાશી એવા ૩૩૪૦ યુનીટ ( અગાઉ ના માહે એપ્રીલ – મે– ૧૬ ના છેલ્લા રીડીગ ૮૧૦ યુનીટ – વીજબીલ ની રીડીગ તા.૨૨–૦૭–૧૬ ના રોજ જણાયેલ, વાસ્તવિક એવા ૪૧૫૦ યુનીટ = ૩૩૪૦ યુનીટ) નુ વીજબીલ, જે યોગ્ય હોય, અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની બાબત, અરજદાર શ્રી માટે નિયમાઘીન છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૭૩૬૩૪/૧૦૦૩૪/૬ નુ સવાલવાળુ જુનુ આરસી કંપની ના મીટર નંબરઃ પીજીએસટી – ૦૧૧૧૨૩૪૩, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ર.૧ અને ર.ર મુજબ ની વિગતે ની કાર્યવાહી થી સ્થળ પરથી ઉતારી અને લેબોરેટરીમા ચકાસણી કરવામા આવતા, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ છે. આમ, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય હોય, તેમા નોંઘાયેલ યુનીટ પણ જોડાણ મા, વાસ્તવિક રીતે થયેલ વીજવપરાશ મુજબ ના જ છે. જેથી, અરજદાર શ્રી ને અપાયેલ માહે જુન–જુલાઈ– ૧૬ નુ, તા.રર–૦૭–૧૬ ના રોજ નુ વીજબીલ, જે સવાલવાળા જુના મીટર મા નોંઘાયેલ, વાસ્તવિક વીજવપરાશી એવાં ૩૩૪૦ યુનીટ ( અગાઉ ના માહે એપ્રીલ – મે– ૧૬ ના છેલ્લા રીડીગ ૮૧૦ યુનીટ, અને સદર વીજબીલ ની રીડીગ તા.રર–૦૭–૧૬ ના રોજ જણાયેલ, વાસ્તવિક એવા ૩૩૪૦ યુનીટ = ૮૧૦ યુનીટ) નુ વીજબીલ, જે યોગ્ય હોય, અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની બાબત, અરજદાર શ્રી માટે નિયમાઘીન છે. |
| ૩.ર | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે નુ, સવાલવાળુ મીટર તાંત્રીક રીતે યોગ્ય હોય, તેમા નોંઘાયેલ યુનીટ પણ જોડાણ મા જોડાયેલ વપરાશી વીજભાર અન્વયે ના વીજવપરાશી યુનીટ મુજબ નુ જ છે. પરંતુ, ફોરમ કમિટી તરફથી, સદર જોડાણ નો બીલીગ ઇતિહાસ, પી.આર.ટી.–૧૪૫ ચકાસણી કરવામા આવતા, અરજદાર શ્રી ના સદર જોડાણ મા, માહે ઓકટોબર–નવેમ્બર– ૨૦૧૪ થી માહે એપ્રીલ – મે– ૧૬ સુઘી ના કુલ – ૧૦ દ્રીમાસીક સમયગાળા દરમ્યાન, '' કુલ ૧૦ વીજબીલો માહેના ૦ર વીજબીલો, જે પ્રત્યેક ૧૪૦ યુનીટ લોક મુજબ ના અને ત્યારબાદ ના ૦૮ વીજબીલો, જે – બીન વપરાશી ૦ યુનીટ મુજબ ના અપાયેલ છે.'' આમ, સદર કુલ ૧૦ દ્રીમાસીક બીલીગ સમયગાળા દરમ્યાન, નિયમીત મીટર બીલીગ સમયે, સબંઘક મીટર રીડર તરફથી, ચડત / પડતર બીલીગ યુનીટ મુજબ ના વીજબીલો અપાયેલ હોવાના કારણોસર જ, અરજદાર શ્રી ને સદર સવાલવાળુ, ૧૧ મુ, માહે જુન–જુલાઈ– ૧૬ નુ વીજબીલ, જે અગાઉ ના ચડત / પડતર રીડીગ અન્વયે ના – ૩૩૪૦ યુનીટ નુ અપાયેલ હોવાનુ ફોરમ કમિટી ને સ્પષ્ટ જણાયેલ છે. જેથી, સદર ૩૩૪૦ યુનીટ નુ વીજબીલ, જે માત્ર, માહે જુન–જુલાઈ– ૧૬ ના સમયગાળા નુ જ ન ગણતા, કુલ ૧૧ દ્રીમાસીક બીલીગ સમયગાળા નુ ગણવાની બાબત, ફોરમ કમિટી ને ન્યાયિક રીતે, યોગ્ય તેમજ નિયમાઘીન વ્યાજબી જણાયેલ છે. |
| ૩.૩ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.ર મા વર્ણવ્યા મુજબ ની વિગતે નુ, સવાલવાળુ માહે જુન–જુલાઈ– ૧૬ નુ, ૩૩૪૦ યુનીટ નુ, રૂ.રર,૧૭ર/૮૮– નુ, તા.રર–૦૭–૧૬ ના રોજ અરજદાર ને અપાયેલ વીજબીલ ના ૩૩૪૦ યુનીટ નુ વીજબીલ રદબાતલ કરી, અને સદર વીજબીલ ના, ૩૩૪૦ યુનીટ ને, માહે ઓકટોબર–નવેમ્બર–૧૪ થી માહે જુન–જુલાઈ– ૧૬ ના સમયગાળા ના કુલ ૧૧ દ્રીમાસીક વીજબીલો મા વિભાજીત કરી, અને, વિભાજીત ગણતરીએ થતા, ૩૦૪ યુનીટ આશરે ( ૩૩૪૦ યુનીટ ÷ ૧૧ = ૩૦૪ યુનીટ આશરે) ની ગણતરીએ, પ્રત્યેક એવા સદર ૧૧ વીજબીલો, જે તે સમયે પ્રવર્તમાન ટેરીફ મુજબ બનાવી, અને સદર રીવાઇઝ ગણતરી માથી, અગાઉના માહે ઓકટોબર–નવેમ્બર–૧૪ અને માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૫ ના, કુલ ૦ર વીજબીલો મા, પ્રત્યેક ૧૪૦ લોક યુનીટ મુજબ ના અપાયેલ વીજબીલો અન્વયે ની, અરજદાર શ્રી એ ભરપાઈ કરેલ રકમ બાદ કરી, અને બાકી રહેતી આખરી ગણતરીએ થતી રકમ જ, અરજદાર શ્રી ના બીલીગ ખાતામા ઉઘાર કરી,– એ મુજબ રીવાઇઝ કરાયેલ, આ મુજબ ના કુલ ૧૧ વીજબીલો નુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક, જે અરજદાર શ્રી ને ખાસ પત્ર મારફત, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા, આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતો ને આનુષાંગીક.રહીને, અરજદાર શ્રી ને અપાયેલ – માહે જુન–જુલાઈ– ૧૬ નુ ૩૩૪૦ યુનીટ નુ, રૂ.૨૨,૧૭૨/૮૮– નુતા.૨૨–૦૭–૧૬ ના રોજ અપાયેલ વીજબીલ – જે, મુદદા નં. ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, રીવાઇઝ કરી, આ મુજબ ના રીવાઇઝ કરાયેલ કુલ ૧૧ વીજબીલો નુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક, જે અરજદાર શ્રી ને ખાસ પત્ર મારફત, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા, આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫"** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..